## ગુજરાત વિદ્યુત નિયમન આયોગ,

છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી,

ઝોન -૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ની સમક્ષ

# મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ

## જાહેર વિજ્ઞપ્તિ

**નીચેના સંદર્ભમાં :-**

ઉપરોક્ત અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા - ૩૯૦ ૦૦૭ દ્વારા કેસ નં. ૧૮૪૧/૨૦૧૯ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુ-અપ, તથા વર્ષ ૨૦૨૦ - ૨૧ માટે વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) વિનિયમનો ૨૦૧૬ અંતર્ગત કરેલ છે.

**અરજદાર :-**

મધ્ય ગુજરાત વીજ કંપની લિમીટેડ (એમજીવીસીએલ) સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા, એ રાજ્યના મધ્ય ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત :-**

કંપની દ્વારા બહુવર્ષિય વીજદર નિયમનો હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના ટ્રુ-અપ, તથા વર્ષ ૨૦૨૦-૨૧ ના વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે હયાત વીજદરમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી. વર્ષ ૨૦૨૦-૨૧ની આવક અંદાજવા માટે એફપીપીપીએ નો બેઝ રેટ રૂા. ૧.૫૯ પ્રતિ યુનિટ આકારવા સૂચવેલ છે.

**સૂચનો/વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા :-**

ઉપરોક્ત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામું ૨૦૦૪ની જોગવાઇની રૂએ આથી સંબંધીત વ્યક્તિઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોક્ત દરખાસ્ત પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫ - સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૧૫.૦૧.૨૦૨૦ સુધીમાં પ્રમાણીત મુસદ્દા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાના રહેશે તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સુચનો/વાંધાઓ નોંધાવનાર પક્ષકારોએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે અને તેઓ રૂબરૂ રજૂઆત કરવા ઇચ્છે છે કે કેમ તે દર્શાવવાનું રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે :-**

ઉપરોક્ત દરખાસ્તની નકલો મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા - ૩૯૦ ૦૦૭ની વડી કચેરીમાંથી મુખ્ય ઇજનેર પાસેથી અથવા તો મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરીમાં રૂા. ૨૦૦/- (રૂા. બસો પુરા) પ્રતિ નકલ ભરપાઇ કરવાથી મળી શકશે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/- (રૂા. પચાસ પુરા) વધારાના સહિતની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટથી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે. ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.guvnl.com તથા www.mgvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

તારીખ : ૧૬-૧૨-૨૦૧૯

સ્થળ : વડોદરા.

તુષાર ભટ્ટ IAS

એમડી (એમજીવીસીએલ)

Sandesh (સંદેશ)

Dtd: 16.12.2019